सत्यमेव जयते

**પલસાણાના મહે.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (જે.જે.આહુજા) સાહેબની કોર્ટમાં...**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ:– | ૨૦.૦૬.૨૦૨૬ |
| ક્રિમિનલ કેસ ક્રમાંક:– | ૨૨૧૯/૨૦૧૯ |
| આંક:– | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક અને પોલીસ સ્ટેશન:– | ૦૦૫/૨૦૧૩ કડોદરા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન, તા.પલસાણા. |
| ફરિયાદી:– | શ્રી સરકાર (રાજય) |
| ફરિયાદપક્ષે:– | વિદ્ધાન મદદનીશ સરકારી વકીલશ્રી જે.ડી.પટેલ |
| આરોપી:– | નામ:– ગોરખ ઉર્ફે પીન્ટુ ભીમરાવ બડોગે (ગઢરી)<br>ઉંમર:– ૩૪ ,ધંધો:– ડ્રાયવીંગ<br>સરનામું:– વૈષ્નવીનિવાસ પ્લોટ નં. ૩૭,૩૮ જાનકીનગર, નવાપુર, તા.નવાપુર જી.નંદુરબાર મુળ રહે–દેવળ ફળિયા, નવાપુર, તા.નવાપુર જી.નંદુરબાર. |
| બચાવપક્ષે:– | વિદ્ધાન વકીલશ્રી એચ.જી.નાયકા |

| | |
|---|---|
| ગુનાની તારીખ:– | ૦૭/૦૧/૨૦૧૩ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:– | ૦૭/૦૧/૨૦૧૩ |
| આખરી અહેવાલ રજૂ થવાની તારીખ:– | ૦૭/૦૯/૨૦૧૯ |
| પુરાવો શરૂ થયાની તારીખ:– | ૨૦/૦૯/૨૦૨૪ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | ૨૦/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:– | ૨૦/૦૬/૨૦૨૬ |
| આખરી હુકમ:– | નિર્દોષ ઠરાવી છોડી મૂકેલ છે. |

## -:: આરોપીની વિગત ::-

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | તહોમત | શું ગઢવી નિર્દોષ છોડ્યા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ – ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ગોરખ ઉર્ફે પીન્ટુ ભીમરાવ બડોગે (ગઢરી) | ૧૧.૧૨. ૨૦૧૮ | પ્રોહી એકટ કલમ- ૬૬(૧)બી, ૬૫એઇ,૧૧૬(૨), ૮૧,૯૮,૯૯ મુજબ | નિર્દોષ | - | - |

## -:ચુકાદો:-

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી નં.(૧) ગોરખભાઇ ઉર્ફે પીન્ટુ ભીમરાવ બડોગેનાએ તેમના નવાપુરના ગોડાઉન ઉપરથી તેમના કબજાની મહિન્દ્રા જીનીયો ગાડી નંબર MH-39-C-7806 ની કિ.રૂા.૫,૦૦,૦૦૦/- માં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે IMFL બનાવટનો પ્રોહી જથ્થો બીયર વ્હિસ્કી કુલ બાટલી નંગ ૨૭૭૨ કિ.રૂા. ૪,૦૫,૬૦૦/-નો ભરી તેના માણસો કે જે અગાઉ પકડાયેલ આરોપીઓ ડ્રાયવર મનોજભાઇ સોચનભાઇ યાદવ તથા કલીનર રાજેન્દ્ર સત્યાભાઇ ગાવીતનાઓને સોપી મંગાવનાર ભરૂચનો એક અજાણ્યો ઇસમનાઓને પ્રોહી જથ્થો સપ્લાય કરવા જણાવતા. અગાઉ પકડાયેલ આરોપીઓ ઉપરોકત પ્રોહી જથ્થો ભરેલ મહિન્દ્રા જીનીયો ગાડી નવાપુરથી ગેરકાયદેસર રીતે વહાતુક કરી લઇ આવતા તા. ૦૭/૦૧/૨૦૧૩ ના રોજ કલાક ૨૩/૩૦ વાગ્યે મોજે કડોદરા ગામની સીમમાં

કડોદરા ચાર રસ્તા બારડોલીથી સુરત જતાં રોડ ઉપર જાહેરમાં સ્થળ ઉપર પકડાઇ ગયેલ. તથા સદર પ્રોહી જથ્થો સપ્લાય કરનાર આરોપી ગોરખભાઇ ઉર્ફે પીન્ટુ ભીમરાવ બડોગેનાઓ તપાસ દરમ્યાન પકડાઇ જઇ તથા માલ મંગાવનાર વોન્ટેડ ભરૂચનો એક અજાણ્યો ઇસમ તથા સદર કામે પકડાયેલ આરોપી ગોરખભાઇ ઉર્ફે પીન્ટુનાને તેના નવાપુરના ગોડાઉનમાં સદર ગુનાના કામે પ્રોહી જથ્થો સપ્લાય કરનાર વોન્ટેડ આરોપી બિજેન્દ્રર રઘુબીર યાદવ તથા ધર્મેન્દ્ર ઓમકાર યાદવનાઓ નહી પકડાઇ જઇ તમામ આરોપીઓએ એકબીજાનીગઢવી મદદગારીથી પ્રોહિબીશન એકટની કલમ-પ્રોહી એકટ કલમ-૬૬(૧)બી, ૬૫એઇ,૧૧૬(૨),૮૧,૯૮,૯૯ મુજબના ગુનાની ચાર્જશીટ રજૂ કરેલ છે.

**(૨)** આ કામે આરોપીને સમન્સની બજવણી થતાં, આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, તેઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ. ત્યારબાદ આંક-૦૩ થી આરોપીનો જવાબ રેકર્ડ કરવામાં આવતાં, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

**(૩)** ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૪૨ હેઠળ આ કામે નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

**મૌખિક પુરાવાઃ-**

૧- આંક-૦૫ થી મહેશભાઇ બાબુભાઇ પટેલ- ફરિયાદીની જુબાની

૨- આંક-૦૭ થી ઠાકોરભાઇ બાબુભાઇ બાગલે- પંચની જુબાની

૩- આંક-૧૨ થી ઝાકીર હુસેન નીઝામખાન- ત.ક.અ.ની જુબાની

**દસ્તાવેજી પુરાવાઃ-**

૧- આંક-૦૬ થી ફરિયાદ

૨- આંક-૦૮ થી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું

**(૪)** ફરિયાદપક્ષનો પુરાવો તથા બંને પક્ષોની દલીલો લક્ષમાં લેતાં, આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ સાબિત કરે છે કે,આરોપી નં.(૧) ગોરખભાઇ ઉર્ફે પીન્ટુ ભીમરાવ બડોગેનાએ તેમના નવાપુરના ગોડાઉન ઉપરથી તેમના

કબજાની મહિન્દ્રા જીનીયો ગાડી નંબર MH-39-C-7806 ની કિ.રૂા.૫,૦૦,૦૦૦/- માં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે IMFL બનાવટનો પ્રોહી જથ્થો બીયર વ્હિસ્કી કુલ બાટલી નંગ ૨૭૭૨ કિ.રૂા. ૪,૦૫,૬૦૦/-નો ભરી તેના માણસો કે જે અગાઉ પકડાયેલ આરોપીઓ ડ્રાયવર મનોજભાઈ સોચનભાઈ યાદવ તથા કલીનર રાજેન્દ્ર સત્યાભાઈ ગાવીતનાઓને સોપી મંગાવનાર ભરૂચનો એક અજાણ્યો ઈસમનાઓને પ્રોહી જથ્થો સપ્લાય કરવા જણાવતા. અગાઉ પકડાયેલ આરોપીઓ ઉપરોકત પ્રોહી જથ્થો ભરેલ મહિન્દ્રા જીનીયો ગાડી નવાપુરથી ગેરકાયદેસર રીતે વહાતુક કરી લઈ આવતા તા. ૦૭/૦૧/૨૦૧૩ ના રોજ કલાક ૨૩/૩૦ વાગ્યે મોજે કડોદરા ગામની સીમમાં કડોદરા ચાર રસ્તા બારડોલીથી સુરત જતાં રોડ ઉપર જાહેરમાં સ્થળ ઉપર પકડાઈ ગયેલ. તથા સદર પ્રોહી જથ્થો સપ્લાય કરનાર આરોપી ગોરખભાઈ ઉર્ફે પીન્ટુ ભીમરાવ બડોગેનાઓ તપાસ દરમ્યાન પકડાઈ જઈ તથા માલ મંગાવનાર વોન્ટેડ ભરૂચનો એક અજાણ્યો ઈસમ તથા સદર કામે પકડાયેલ આરોપી ગોરખભાઈ ઉર્ફે પીન્ટુનાને તેના નવાપુરના ગોડાઉનમાં સદર ગુનાના કામે પ્રોહી જથ્થો સપ્લાય કરનાર વોન્ટેડ આરોપી બિજેન્દ્રર રઘુબીર યાદવ તથા ધર્મેન્દ્ર ઓમકાર યાદવનાઓ નહી પકડાઈ જઈ તમામ આરોપીઓએ એકબીજાની મદદગારીથી પ્રોહી એકટ કલમ-૬૬(૧)બી, ૬૫એઈ, ૧૧૬(૨), ૮૧, ૯૮, ૯૯ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૫) ઉપરોક્ત મુદ્દા પરત્વેનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. "નકારમાં"

૨. "આખરી હુકમ મુજબ"

**-:: નિર્ણય માટેનાં કારણો ::-**

(૬) **મુદ્દા નંબર-૧**

ઉપરોક્ત મુદ્દા અંગે રેકર્ડ ઉપરનો પુરાવો જોવામાં આવે તો ફરિયાદપક્ષ તરફથી પેરા-૩ મુજબના શાહેદોને તપાસવામાં આવેલા છે તેમજ દસ્તાવેજી

પુરાવા રજૂ કરેલા છે. આ કામના પંચ શાહેદોએ તેમની જુબાની દરમ્યાન પંચનામાની નકલમાં સહી સિવાય કોઈપણ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા કરેલ ઊલટતપાસમાં પણ કોઈ હકીકતને સમર્થન આપેલ નથી. જેથી પંચનામું પુરવાર થતું નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગુજરાત રાજ્ય વિરુદ્ધ ભીખાભાઈ કાલીદાસ પટેલ ૧૯૮૫(૨) જી.એલ.આર. પાન નં.૭૭૫ ના ચુકાદામાં જણાવેલ પંચનામાં બાબતના સિદ્ધાંતો ધ્યાને લેતા જ્યારે પંચોની હાજરીમાં પોલીસે કામગીરી કરેલ હોવાનું જણાવેલ હોય અને પંચ શાહેદોએ જુબાનીમાં તે હકીકતોને સમર્થન આપેલ ના હોય ત્યારે આરોપીને દોષી ઠરાવી શકાય નહીં. આ કામે પૂરતો સમય આપવા છતાં ફરિયાદપક્ષ તરફથી અન્ય કોઈ પુરાવો રજૂ થયેલ નથી ત્યારે આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનો દીલીપ સાન્સી વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ઠરાવેલ છે કે, "In absence of specific evidence from technical expert, say, FSL and in the absence of specific evidence regarding quality and quantity of muddamal and in the absence of proper evidence by the witness confirming the seizure from the given place, and in the absence of recovering the muddamal from the person of the accused, and in the absence of proving the link and connection of prohibited articles directly with the applicant, it is diffucult to confirm the conviction of the person." હાલના કેસમાં પણ આરોપી પાસેથી કહેવાતો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે કે કેમ તે સંદર્ભે પંચ શાહેદ કોઈ હકીકત જણાવતાં નથી, વધુમાં નામદાર સુપ્રીમકોર્ટનો ચુકાદો સતિષ મહેરા વિરુદ્ધ દીલ્હી એડમિનિસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઈમ્સ (સુ.કો.) પાન નં.૮૫ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતા જ્યારે રજૂ થયેલ પુરાવા ઉપરથી કેસનો અંત સજામાં પરિણમશે નહીં તેમ જણાય તો કોર્ટનો કિંમતી સમય ટ્રાયલની પ્રક્રિયા પૂરી કરવામાં વેડફવો જોઈએ નહીં. તેવા સંજોગોમાં સદરહુ કામમાં સબસ્ટેન્સિઅલ પુરાવો નોંધી તમામ સાક્ષીઓ ફરિયાદપક્ષ તરફથી તપાસવામાં

આવેલ નથી. આમ ફરિયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, રજૂ કરેલા પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરિયાદપક્ષના આક્ષેપોને સમર્થન મળતું ના હોય અને દસ્તાવેજી પુરાવા ઉપરથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ ના હોય, આરોપીઓ સામેનો ગુનો પુરવાર થયો ના હોય, મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ બાબતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>-:: આ ખ રી હુ ક મ ::-</u>**

૧. આ કામના આરોપી-ગોરખ ઉર્ફે પીન્ટુ ભીમરાવ બડોગે (ગઢરી),રહે-વૈષ્ણવીનિવાસ પ્લોટ નં. ૩૭,૩૮ જાનકીનગર, નવાપુર, તા.નવાપુર જી.નંદુરબાર મુળ રહે-દેવળ ફળિયા, નવાપુર, તા.નવાપુર જી.નંદુરબાર. વાળાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૪૮(૧) અન્વયે પ્રોહી એક્ટ કલમ-૬૬(૧)બી, ૬૫એઇ,૧૧૬(૨),૮૧,૯૮,૯૯ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ સી.આર.પી.સી. કલમ ૪૩૭-એ મુજબ રૂ.૫૦૦૦/-ના અપીલ સમય સુધીના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે અથવા અગાઉ આપેલ જામીન અપીલ સમય પૂરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે કરેલ પ્રોહિબીશન મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ મોબાઇલની હરાજી કરી તેની રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. રોકડા રૂપિયા સરકાર જમા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ પીકઅપ વાહન અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા પીક અપ વાહનના મુળ માલિકની ઈન્કવાયરી કરી તેને વાહન સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખઃ ૨૦, માહેઃ જુન, સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૦/૦૬/૨૦૨૬
મુ.પલસાણા.

**(જે.જે.આહુજા)**
જ્યુડિ. મેજિ. ફર્સ્ટ ક્લાસ, પલસાણા.
U.I.Code No.GJ01436

## -:ચુકાદાનું પરિશિષ્ટ:-

<u>ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી</u>

<u>અ. ફરિયાદપક્ષ</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧ | મહેશભાઇ બાબુભાઇ પટેલ | ફરીયાદી |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૨ | ઠાકોરભાઇ બાબુભાઇ બાગલે | પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૩ | ઝાકીર હુસેન નીઝામખાન | ત.ક.અ. |

<u>બ. બચાવપક્ષ</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બચાવપક્ષે શાહેદ ક્રમાંક | બચાવપક્ષે કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

<u>ક. અદાલત દ્ધારા</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્ધારા તપાસેલ શાહેદ ક્રમાંક | અદાલત દ્ધારા પણ કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

<u>ફરિયાદી/બચાવ/અદાલત દ્ધારા રજૂ દસ્તાવેજોના આંકની યાદી</u>

<u>અ. ફરિયાદી</u>

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરિયાદ |
| ૨ | ૦૮ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું |

<u>બ. બચાવ</u>

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજૂ થયેલ નથી. | - |

## ક. ન્યાયાલય

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | – |

## ડ. ભૌતિક પદાર્થ

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૨૭૭૨ | વિદેશી દારૂની બોટલો |
| ૨ | ૦૨ | સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન |
| ૩ | ૩૦૦/– | રોકડા રૂપિયા |
| ૪ | ૦૧ | પિકઅપ ગાડી મહીન્દ્રા જીનીયો |

તા.૨૦/૦૬/૨૦૨૬
મુ.પલસાણા.

જે.જે.આહુજા
જ્યુડિશિયલ મૅજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
પલસાણા.